

# વિષય : શ્રીમદ ભગવદ્‌ગીતા અધ્યાય-૨ સાંખ્યયોગમાં દર્શાવાયેલા જીવન મૂલ્યો અને તેનો ધો. ૭/અ ના વિદ્યાર્થી પર પડતો પ્રભાવ.


- શ્રીમતી કંચનબેન પરમાર

(સુપરવાઈઝરશ્રી ઉ.પ્રા. વિભાગ)


**(૧) પ્રસ્તાવના :** માનવ જીવનમાં સર્વાંગી વિકાસમાં ધાર્મિક ગ્રંથોનો અગત્યનો ફાળો રહયો છે. જેમાં ભારતીય તત્વચિંતનના આધ્યાત્મિક સાહિત્યમાં ભગવદ્‌ગીતાનું સ્થાન અતિ વિશિષ્ટ છે આ ગ્રંથ માત્ર ધાર્મિક ગ્રંથ ન રહી જીવનના સર્વાંગી વિકાસ માટે માર્ગદર્શક ગ્રંથ તરીકે માન્યતા પામ્યો છે. ભગવદ્‌ગીતાએ જીવન જીવવાની કલા શીખવે છે. ખાસ કરીને અધ્યાય-૨ જે "સાંખ્યયોગ"તરીકે ઓળખાય છે.તે જ્ઞાન અને વિવેક આધારિત જીવનના મૂલ્યો પર કેન્દ્રિત છે.

**(૨) સમસ્યા ક્ષેત્ર :** નારાયણ વિદ્યાલય, ભરૂચ શાળામાં ધો ૭-અ ના ૫૦ વિદ્યાર્થીઓનો વર્ગખંડ.

**(3) વિષયના શબ્દોનું અર્થઘટન :**

**ભગવદ્‌ગીતા :** શ્રીકૃષ્ણ દ્વારા અર્જુનને આપેલો દિવ્ય ઉપદેશ,જીવનના તત્વજ્ઞાન, કર્તવ્ય, ભકિત અને ધર્મ વિશેનો મહાનગ્રંથ. આ ગ્રંથ કુલ ૧૮ અધ્યાયોમાં વહેચાયેલો છે. અને કુલ ૭૦૦ શ્લોકો છે.

**અધ્યાય-સાંખ્યયોગ :** ભગવદ્‌ગીતાનો બીજો અધ્યાય જેમાં શ્રીકૃષ્ણ અર્જુનને કર્તવ્ય, આત્મા, નિષ્કામ કર્મ અને મનની સ્થિરતાનાં વિષયોમાં માર્ગદર્શન આપે છે.સાંખ્ય અર્થાત તત્વચિંતન આધારિત વિચારધારા.

**દર્શાવાયેલા જીવનમૂલ્યો :** અધ્યાય-૨ માં વ્યકત થયેલા એવા આધ્યાત્મિક અને નૈતિક સિદ્ધાંતો કે ગુણો જે જીવનમાં અનુસરી શકાય.

**વિદ્યાર્થી :** શીખવા ઇચ્છુક વ્યકિતઓ ખાસ કરીને શાળા કક્ષાના બાળકો કે કિશોરો જેમના વ્યકિત વિકાસ માટે આ મૂલ્યો ધરાવે છે.

**(૪) સંશોધન વિષયની પસંદગીના સંભવિત કારણો :**

આજે પશ્ચિમી સંસ્કૃતિનું અનુકરણ,સોશિયલ મિડીયા અને ફિલ્મોની અસર ના કારણે બાળક અને યુવાધનમાં જીવનમૂલ્યો વિસરાય રહયા છે. તેનામાં સત્ય, પ્રમાણિકતા, વિનય, વિવેક, ખેલદિલી આત્મવિશ્વાસ, સહનશીલતા વગેરે જેવા ગુણોનો અભાવ જોવા મળ્યો છે. આજે નાની નાની વાતમાં બાળક આક્રમક બને છે. પોતાનો સંયમ ગુમાવે છે, ડિપ્રેશનમાં આવી જાય છે. પરિણામે કોઇક વાર ગંભીર પરિણામ આવી શકે છે. પોતાની ફરજ, પોતાની સંસ્કૃતિને ભૂલી રહયાં છે.

મૂલ્યનિષ્ઠ નાગરિકો સમાજને, દેશને આપવા એ શાળાનું પ્રથમ કર્તવ્ય છે. બાળકના જીવન ઘડતરમાં માતા-પિતા, શિક્ષકોનો સવિશેષ ફાળો હોય છે. જેમા માતા - પિતા બંને આજીવિકા માટે કાર્યરત રહે છે

**(૫) માહિતીનું એકત્રીકરણ :**

- ✓ પ્રશ્નાવલિ પદ્ધતિઃ વિદ્યાર્થીઓને જીવન મૂલ્યો વિષયક પ્રશ્નાવલિ આપી અને તેમના જવાબો એકત્રીત કરાયા.
- ✓ અવલોકન પદ્ધતિ:- વિદ્યાર્થીઓના વર્તન, અભ્યાસ પ્રત્યેની વૃત્તિ અને સામાજિક સહભાગીતાનું સીધુ નિરીક્ષણ કરાયું
- ✓ કેટલાક વિદ્યાર્થીઓ સાથે સીધો સંવાદ કરીને તેમના અનુભવો અને વિચારો નોંધાયા.
- ✓ ભગવદ્‌ગીતાના સાંખ્યયોગ અધ્યાય અને જીવન મૂલ્યો વિષયક પુસ્તકો તથા ઇન્ટરનેટ પરથી માહિતી મેળવી.

**(૬) પ્રયોગ કાર્ય :**

- ✓ ભગવદ્‌ગીતાના અનુવાદો અને અર્થઘટન પર આધારિત પુસ્તકનો અભ્યાસ કર્યો.
- ✓ નવી શિક્ષણનીતિમાં સામેલ કરવામાં આવેલ ભગવદ્‌ગીતાના સિદ્ધાંતો અને મૂલ્યો પુસ્તકનો અભ્યાસ કર્યો.
- ✓ અધ્યાય-૨ સાંખ્યયોગમાંથી જીવનમૂલ્ય નિષ્ઠ શ્લોકોની તારવણી કરી.
- ✓ વિદ્યાર્થીને આ તારવેલા શ્લોકો તેનું અનુવાદ તથા અર્થની સમજ આપી
- ✓ જે-તે મૂલ્ય સાથે જોડાયેલી વાર્તા, જીવનપ્રસંગો ટી.વી. પર બતાવવામાં આવ્યા.
- ✓ આ મૂલ્યનિષ્ઠ પ્રસંગોની ચર્ચા કરવામાં આવી.
- ✓ વિદ્યાર્થીઓ સાથે ભગવદ્‌ગીતાના જ્ઞાન ચકાસણી અર્થે પ્રશ્નાવલી તૈયાર કરી વિદ્યાર્થીઓ પાસે ભરાવવામાં આવી.

**વ્યકિતની શરૂઆત અને છેલ્લી સિદ્ધિ વચ્ચેનું અંતર એટલે સફળતા.**